ગાંધીનગર સમાચાર

# ડીસામાંથી આંતરરાજ્ય ચીલઝડપ ગેંગનો મુખ્ય સૂત્રધાર ઝડપાયો

ડીસા, તા. ૧૨

ડીસા સહિત સમગ્ર ગુજરાતમાં બેગની ઉઠાંતરી કરી આંતક મચાવનાર આંતર રાજ્ય ગેંગનો મુખ્ય સૂત્રધાર ઝડપાતાં ગેંગનો પર્દાફાશ થયો છે. ત્યારે ડીસા ઉત્તર પોલીસે આરોપીને કોર્ટમાં રજુ કરી બે દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. જે દરમિયાન ઝડપાયેલા શખ્સે ૧૭ જેટલી ચોરીઓની કબુલાત કરતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી.

## ડીસા પોલીસે ઝડપેલ આંતરરાજ્ય 'ચીલઝડપ ગેંગ' લીડરની ૧૭ ચોરીની કબુલાત

આ ચકચારી ક્રાઈમની વિગત જોઈએ તો ડીસા સહિત સમગ્ર ગુજરાત રાજ્યમાં લોકોની નજર ચુકવીને બેગની ઉઠાંતરી કરતી ટોળકીનો મુખ્ય સૂત્રધાર ઝડપાઈ ગયા બાદ અનેક ચોરીઓનો ભેદ ઉકેલાયો છે. ડીસા ઉત્તર પોલીસ કોન્સ્ટેબલ મુકેશ ઠાકોરની બાજ નજરે આરોપી ઝડપાયો હતો જેમાં ડીસાની ઉત્તર પોલીસે કલોલ પાસેથી ટોળકીના મુખ્ય સૂત્રધાર રામુ વ્યંકટેશ નાયડુની અટકાયત કરી ડીસા કોર્ટમાં રજુ કરી બે દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. ઝડપાયેલા શખ્સ રિમાન્ડ દરમિયાન તેના અન્ય ત્રણ સાગરીતો પિયુ મુથ્થુ, ઉર્ફે ગોવિંદો, સરત, અને અજીત (રહે. આંધ્રપ્રદેશ) સાથે મળી ગુજરાતના અલગ-અલગ ૧૭ શહેરોમાંથી બેગની ઉઠાંતરી કરી હોવાની કબુલાત કરતાં પોલીસ પણ ચોંકી ઉઠી હતી. ગેંગના સભ્યો ગુજરાતમાં રોજગારી માટે આવ્યા હતા. અને શરૂઆતમાં વડોદરાની ઝુંપડપટ્ટી વિસ્તારમાં ઈડલી વેચવાની શરૂઆત કરી હતી. પરંતુ તેમાં ફાવટ ના આવતા તેઓએ સૌ પ્રથમ નવ માસ પૂર્વે ઓઢાના મેળાની નદીમાં નહાવા પડેલા ચાર વ્યક્તિઓના પેન્ટની ચોરી કરી હતી. અને તે પેન્ટના ખિસ્સામાંથી પાંચ હજાર રૂપિયા મળ્યા બાદ સિલસિલો ચાલુ રાખ્યો હતો અને અલગ અલગ શહેરોમાં ફરીને ટોળકી બેગની ઉઠાંતરી કરવાના ગુનામાં માહિર બની ગઈ હતી. જોકે ડીસામાં એક લાખની બેગ લીફટીંગ કેશમાં ઉત્તર પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં પોલીસે મુખ્ય આરોપી ઝડપી જેલ હવાલે કરેલ છે.

જ્યારે આ ચોરી કરનાર ગેંગના લીડર અને માસ્તર માઈન્ડ આરોપીએ જણાવેલ કે 'રોજગારી માટે આંધ્રપ્રદેશથી અમો ચાર શખ્સો ગુજરાતમાં આવ્યા હતા. પરંતુ રોજગારી ન મળતા ચોરીના રવાડે ચડી ૧૭ જેટલી ચોરીઓ મેં તથા મારા સાથીદારોએ કરી હોવાનું જણાવ્યું હતું.



અંબાજી મુકામે મંત્રી તારાચંદ છેડાએ જગતજનની મા અંબેના ભક્તિભાવપૂર્વક દર્શન અને પૂજા-અર્ચના કરી હતી. તેમણે માતાજીના દર્શન અને પૂજા-અર્ચના કરી ગુજરાત સુખી, સમૃદ્ધ અને શક્તિશાળી બને તેવી આશા વ્યક્ત કરી હતી. પ્રારંભમાં અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદારશ્રી જી.પી. બ્રહ્મભટ્ટે પુષ્પગુચ્છ વડે સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે દાંતા તાલુકા પંચાયતના પ્રમુખ એલ.કે. બારડ, કુટીર ઉદ્યોગ નાયબ વિકાસ અધિકારીશ્રી એન.જે. મહેતા, જનરલ મેનેજર પી.પી. તડવી, પ્રોજેક્ટ મેનેજરશ્રી ડી.એસ. ચાવડા સહિત ઉદ્યોગ કચેરીના અધિકારીઓ, અગ્રણીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લીમાં કેસૂડાના વૃક્ષો દોઢ માસ પૂર્વે ખીલી ઉઠતા અચરજ

મોડાસા, તા. ૧૨

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાની ગીરીમાળાઓ અને ખેતરોમાં ઉભેલા કેસૂડાના વૃક્ષોને ફાગણ માસ અને રંગોના તહેવાર એવા હોળી-ધુળેટી આડે દોઢ માસ જેટલો સમયગાળો બાકી છે ત્યારે ફાગણ માસના પ્રારંભે આવતી આમ્ર મંજરી દોઢ માસ અગાઉ જ જિલ્લાના પ્રજાજનોમાં ભારે અચરજ ફેલાયું છે. દર વર્ષે ફાગણ માસના પ્રારંભે આવતા ફૂલો દોઢ માસ બાકી છે. હોળી-ધુળેટીના ત્યોહારને ત્યારે અરવલ્લીની ગીરીમાળાઓમાં કેસૂડાના વૃક્ષો પુરબહારમાં ખીલી ઉઠ્યા છે.

ધાર્મિક અને આરોગ્યની દષ્ટિએ મહત્વનો



કેસૂડાને આમ્ર મંજરીઓ વિપુલ માત્રામાં મોહરી ઉઠતા સૌ કોઈમાં અચરજ ફેલાયું છે. જોકે આ ઋતુ પરિવર્તન અંતે તો ફોરમનો ફાગણમાસ નજીક હોવાની વધામણી જરૂર ખાઈ રહ્યો છે.

શિયાળાનો ત્રીજો માસ પોષ હવે પૂર્ણ થઈ મહાસુદ વસંત પંચમીનો ત્યૌહાર પણ શુક્રવારે છે તેમજ ઠંડીનો પ્રભાવ ઓસરતો જઈ રહ્યો છે. અને હોળી ધુળેટી આડે હજુ તો દોઢ માસ જેટલો સમયગાળો બાકી છે ત્યારે આજકાલ કેસુડાના વૃક્ષો પર આમ્ર મંજરીઓ પુર બહારમાં મ્હોરી ઉઠતા આટલા વહેલા કેસૂડાને આમ્રમંજરી નિહાળતા અને વૃક્ષો કેસરીયો રંગ ધારણ કરતા અરવલ્લી-સાબરકાંઠા કેસૂડાના ફૂલનો બન્ને જિલ્લાના પ્રજાજનો ચામડીના રોગમાં સ્નાન કરવાથી ઉત્તમ ફાયદો થતો હોવાથી કેસૂડાના ફૂલો એકઠા કરતા નજરે ચડી રહ્યા છે. તદઉપરાંત કેસુડાના વૃક્ષો પરથી ફાગણ માસમાં નીકળતો ગુંદર ઔષધી તરીકે અને ચામડા રંગવાના ઉપયોગમાં પણ લેવાતો હોવાથી અરવલ્લીની મંજરીમાળાઓમાં કેટલાક લોકો ગુંદર એકઠો કરી આજીવીકા પણ મેળવતા હોય છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં વસંતપંચમીમાં લગ્નના મુહૂર્ત ના હોવાથી વર્ષો પછી અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં લગ્નના ઢોલ ઢબુકતા જોવા નહિ મળે.

## સંક્ષિપ્ત સમાચાર

### બામણા કોલેજમાં વસંત પંચમી નિમિત્તે કાવ્યગાનનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૧૨

બામણા સ્વ. એસ. એચ. જોષી એન્ડ બી. કે. જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં વસંત પંચમી નિમિત્તે કાવ્યગાનનો કાર્યક્રમ યોજાયો. બામણા સ્વ. એસ. એચ. જોષી એન્ડ બી. કે. જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ આચાર્ય કલ્પનાબેન પટેલ, પ્રો. ભીખાભાઈ પટેલના જણાવ્યા મુજબ વસંત ઋતુને આગમનને પગલે વસંત પંચમીના પાવન પર્વ નિમિત્તે કવિઓના કંઠે ગવાયેલ ગીતો, કવિતાઓ વિદ્યાર્થીઓના કંઠે મન મુકીને કાવ્યજ્ઞાન કાર્યક્રમની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. પ્રથમ નંબરે દિલીપભાઈ વાઘેલા, ઉર્વશીબેન પરમાર, ખુશ્બુબેન પંચાલ, દ્વિતીય નંબરે શીતલબેન પરમાર, તૃતીય નંબરે રનિશાબેન પાટીલ આવ્યા હતા. બામણા સ્વ. એસ. એચ. જોષી એન્ડ બી. કે. જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ આચાર્ય તેમજ સ્ટાફ પરીવારએ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

### અંબાજીમાં કુટીર ઉદ્યોગ અંગે મંત્રીની બેઠક યોજાઈ

પાલનપુર, તા. ૧૨

પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મુકામે કુટીર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ અને ગૌસંવર્ધન મંત્રીશ્રી તારાચંદ છેડાના અધ્યક્ષસ્થાને કુટીર ઉદ્યોગ અંગે અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી.

જેમાં ગ્રામોદ્યોગ અને કુટીર ઉદ્યોગમાં શું નવું કરી શકાય તેની ચર્ચા કરવામાં આવી હતી. ગામડાના કારીગરોને વધુ રોજગારી મળે તે માટે મંત્રીએ ફિલ્ડમાં કામ કરતા અધિકારીઓ પાસે સુચનો માંગ્યા હતા.

બેઠકમાં મંત્રી તારાચંદ છેડાએ જણાવ્યું હતું કે સમગ્ર દેશમાં કુટીર ઉદ્યોગની નીતિ બનાવનાર ગુજરાત પ્રથમ સ્ટેટ છે. તેમણે કહ્યું કે બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં કુટીર ઉદ્યોગનું ખુબ સરસ કામ થઈ રહ્યું છે. તેમણએ બનાસકાંઠા જિલ્લા ઉદ્યોગ ખાતાની કચેરીની કામગીરીની પ્રશંસા કરી અધિકારીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### મોડાસાની તત્વ ઈન્સ્ટીટ્યુટનું ગૌરવ

મોડાસા શહેરની તત્વ



ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીકલ સ્ટડીઝમાં કાર્યરત ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક કિરણ નટુભાઈ દરજીએ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરામાંથી પ્રો. (ડૉ. આર.જી. વ્યાસના માર્ગદર્શનમાં 'પ્રોપર્ટીઝ ઓફ ફંકશન્સ ઓફ જનરલાઈઝ્ડ બાઉન્ડેડ વેરીએશનન્સ'ના શીર્ષક હેઠળ ગણિતશાસ્ત્રમાં પીએચડીની ડીગ્રી ઓક્ટોબર-૨૦૧૫માં મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે.

કેમ્પસ ડાયરેક્ટર જયદત્તસિંહજી આર. પુવાર તથા આચાર્ય ડૉ. એચ. આર. વરીઆએ સંસ્થા પરિવાર તરફથી ડૉ. કિરણ દરજીને તેમની આ સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

# અરવલ્લીમાં વેલેન્ટાઈન ડે ની ઉજવણી માટે યુવા હૈયાઓમાં થનગનાટ

મોડાસા, તા. ૧૨

આજના યુગમાં યુવા





હૈયાઓ તા. ૧૪ ફેબ્રુઆરીની ઉત્સાહપૂર્વક રાહ જુએ છે અને કેટલાક તો ગણગણે છે કે આઈ એમ ઈગરલી વેઈટીંગ ફોર યુ, વેલેન્ટાઈન ડેને ગણતરીના કલાકો જ બાકી છે ત્યારે યુવાવર્ગ પ્રેમનો એકરાર કરવા અને યુવક-યુવતીઓ પ્યારભર્યા સંદેશા મોકલવા પોત-પોતાની રીતે ગોઠવણ કરી ચુક્યા છે. આધુનિક યુગમાં મોબાઈલ વોટ્સઅપ, ફેસબુક, ટ્વીટર, હાઈક, જેવી એપ્લીકેશનોમાં યુ આર બી માય વેલેન્ટાઈન જેવા સંદેશાઓનો ધોધમાર વરસ્યો છે. અરવલ્લી-સાબરકાંઠાના યુવા હૈયાઓમાં ૧૪ ફેબ્રુઆરીના વેલેન્ટાઈન ડે ની ઉજવણી પૂર્વે થનગનાટ જોવા મળી રહ્યો છે.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના યુવાવર્ગમાં વેલેન્ટાઈન ડે ની ઉજવણીની પૂર્વ તૈયારીઓમાં મસ્ત બની ગયા છે. બંને જિલ્લાના બજારોમાં ડચ ગુલાબ લવ થર્મોમીટર,સહિતની ચીજવસ્તુઓના ભાવમાં અનેક ઘણો વધારો ઝીંકાયો હોવા છતાં પણ તેને ખરીદવા અત્યારથી જ ઓર્ડર અપાઈ ચુક્યા છે. આગામી ૧૪ ફેબ્રુઆરી યુવાવર્ગ માટે પ્રેમભરી રહેશે તેમ લાગે છે. યુવા હૈયાઓ પ્રિયતમા કે પ્રિતમને આપવા માટે મેસેજ બોટલ, કપલ સ્ટેચ્યુ, લવસ્ટોરી બુક, હાર્ટ શેપ



ચોકલેટ, ટેડીબીયરની માંગમાં વધારો જોવા મળી રહ્યો છે. યુવા હૈયાઓ આવી બધી ગીફ્ટ માટે દુકાનમાં પહેલીથી ઓર્ડર આપી બુક કરાવી દીધી છે.

સંત વેલેન્ટાઈનના નામ પરથી વેલેન્ટાઈન ડે શરૂ થયો અને ધીરે ધીરે પશ્ચિમી દેશોમાં ભારે શોરથી ઉજવાતા વેલેન્ટાઈન ડેનો વાયરો ભારત અને ગુજરાત રાજ્ય તરફ આવ્યો અને એટલુ જ નહિ ગુજરાતની મેગાસીટીથી લઈ નાના શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં વેલેન્ટાઈનનો વાયરો ખુબ જ જામ્યો છે અને યુવા હૈયાઓને ઘેલુ લગાડ્યું છે.



## ભિલોડા સ્વસ્તિક શિશુ વિહાર શાળાનો વાર્ષિકોત્સવ યોજાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં ભિલોડા સ્વસ્તિક શિશુ વિહાર પ્રાયમરી સ્કુલમાં વાર્ષિકોત્સવની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે અધ્યક્ષસ્થાને કાંતીભાઈ પટેલ, મુકેશભાઈ પટેલ ભિલોડા તાલુકા પંચાયત સદસ્ય, મનોજભાઈ પટેલ ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ, ડાૅ. એલ. જી. કટારા, રામઅવતાર શર્મા સહિત સામાજીક કાર્યકરો, અગ્રણીઓ, વિદ્યાર્થીઓના માતા-પિતા ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. ભિલોડા સ્વસ્તિક શિશુ વિહાર પ્રાયમરી સ્કુલમાં વિદ્યાર્થીઓએ વાર્ષિકોત્સવ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. ભિલોડા સ્વસ્તિક શિશુ વિહાર પ્રાયમરી સ્કુલ આચાર્ય તેમજ સ્ટાફ પરીવારએ વાર્ષિકોત્સવ કાર્યક્રમ સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## મેઘરજ તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષની વરણી કરાઈ

ઈસરી, તા. ૧૨

મેઘરજ તાલુકા પંચાયતની કારોબારી સમિતિની બેઠક શુક્રવારના રોજ બપોરે ૧ વાગે મેઘરજ તાલુકા પંચાયતના સભાખંડમાં રાખવામાં આવી હતી. તાલુકા પંચાયતના પ્રમુખ દિલીપભાઈ સુવેરાની અધ્યક્ષતામાં યોજાયેલ મીટીંગમાં તાલુકા કારોબારી સમિતિના અધ્યક્ષ તરીકે અરવિંદભાઈ લાલાભાઈ પટેલને સર્વસંમતિથી વરણી કરવામાં આવી હતી. ન્યાય સમિતિના ચેરમેન તરીકે પરમાર જયંતિભાઈ ખાતુભાઈ, પક્ષના નેતા તરીકે મહેશભાઈ જયદેવપ્રસાદ ઉપાધ્યાય અને દંડક તરીકે સોમાભાઈ જગાભાઈ ખરાડીની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી હતી. જેમાં સમિતિના નવા વરાયેલા પદાધિકારીઓને પાર્ટીના કાર્યકરોએ અભિનંદન પાઠવ્યા હતા.





## ધનસુરા કોલેજમાં શહીદ હનુમન થપ્પાને શ્રદ્ધાંજલિ અપાઈ

અરવલ્લી જિલ્લામાં ભાજપાની વિદ્યાર્થી પાંખ દ્વારા શુક્રવારે સવારે સિઆચીનમાં ત્રાટકેલા હિમસ્ખલનમાં ભારતીય સૈન્યના ૧૦ જવાનો દટાઈ ગયા હતા. ભારતીય સૈન્યની વિવિધ ટુકડીઓ અને ડોગસ્કવોર્ડ સાથે દિવસોની શોધખોળના અંતે ૯ જવાનોના મૃતદેહ મળી આવ્યા હતા. અને ૩૩ વર્ષીય જવાન હનુમનથપ્પાને ચમત્કારીક બચાવ થયો હતો, જો કે દેસવાસીઓની પ્રાર્થના અને હોસ્પિટલના તબીબોની સઘન મહેનત પછી પણ અંતે નાજુક સ્વાસ્થના અંતિમ શ્વાસ લેતા સમગ્ર દેશવાસીઓ તેના પરિવારજનો અને સૈનિકોમાં શોકની લાગણી છવાઈ ગઈ હતી. જેથી વીર જવાન શહીદને ધનસુરા કોલેજમાં પુષ્પાંજલી દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. શ્રદ્ધાંજલિ સમયે એબીવીપી વિદ્યાર્થી પાંખના મોટી સંખ્યામાં ઉપસ્થિત સદસ્યોની આંખ ભીની થઈ ગઈ હતી.

# ભોલેશ્વરની પરિણીતાને દહેજ મામલે ત્રાસ અપાતા પતિ, સાસુ વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૧૨

હિંમતનગરના ભોલેશ્વર ખાતે રહેતી પરિણીતાને લગ્નના ત્રણેસ માસ બાદથી દહેજના મામલે શારીરિક-માનસિક ત્રાસ આપી મારઝુડ કરાતા મામલો પોલીસ સુધી પહોંચ્યો છે. બી-ડીવીઝન પોલીસે પરિણીતાની ફરિયાદ આધારે તેણીના પતિ તેમજ સાસુ વિરૂદ્ધ ગુનો દર્જ કરી સમગ્ર પ્રકરણની તપાસ હાથ ધરી છે.

ત્રાસના મામલે પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર ભોલેશ્વરના ઈન્દિરાનગરના સરકારી આવાસમાં રહેતા જોશનાબેનના લગ્ન તલોદના વિજયભાઈ વિરચંદભાઈ વાદી સાથે ચારેક વર્ષ અગાઉ થયા હતા. લગ્નના ત્રણેસ માસ બાદથી જોશનાબેનના પતિ વિજયભાઈ તેમજ સાસુ શાન્તાબેન વાદી અવારનવાર મારઝુડ કરી શારીરિક-માનસિક ત્રાસ આપતા હતા. તેમજ તેણીના મા-બાપ પાસેથી દહેજમાં મોટર સાયકલ લઈ આવવાની માંગણી કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગાળો ભાંડતા હતા.

અંતે કંટાળેલી પરિણીતા જોશનાબેને મંગળવારે હિંમતનગરના બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જઈ પતિ વિજયભાઈ વિરચંદભાઈ વાદી અને સાસુ શાન્તાબેન વિરચંદભાઈ વાદી (રહે. તલોદ) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દર્જ કરી સમગ્ર પ્રકરણની તપાસ શરૂ કરી છે.

## રતનપુર ચેક પોસ્ટ પાસેથી ૧૭ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

મોડાસા, તા. ૧૨

ભિલોડા તાલુકાના શામળાજી નજીક આવેલી આંતરરાજ્ય સરહદ રતનપુર ચેકપોસ્ટ નજીકથી શામળાજી પોલીસે શુક્રવારે બપોરે રાજસ્થાન તરફથી આવતી ટ્રકને અટકાવી તલાસી લેતા ટ્રક નં. આર.જે. ૧૯.૧જી. ૭૧૩૨ની અંદર સોફ્ટ ટોન પાવડર ભરેલ પ્લાસ્ટીક બેગની આડમાં સંતાડીને લવાતો વિદેશી દારૂ તથા બિયરની ૪૪૧ પેટીઓ કુલ બોટલો નંગ ૧૦૬૬૮ની કિંમત રૂ. ૧૭,૬૫,૨૦૦ તથા ટ્રકની કિંમત રૂ. ૧૦૦૦૦૦ તથા મોબાઈલ નંગ ૧ કિંમત રૂ. ૫૦૦ તેમજ રોકડ રકમ ૨૫૦૦ મળી કુલ ૨૭,૬૮,૨૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી ટ્રકચાલક કિશનલાલ ભીપારામ બિસ્નોઈ (રહે. જાંખલ રાજસ્થાન)ને ઝડપી પાડી જેલના હવાલે ધકેલી દીધો હતો.

